# ગાંભોઈ પંચાયતના તલાટીનો વિદાય સમારંભ યોજાયો



ગાંભોઈ, તા.૨૧

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગ્રામ પંચાયતમાં તલાટી તરીકે ફરજ બજાવતા કુલદીપસિંહજી ભાટીની તાજેતરમાં હિંમતનગરના સવગઢ ગામે બદલી થતા આ વિદાય સમારંભ પ્રસંગે વેપારી એસોસિયેશનના પ્રમુખ ભગવાનદાસ ચૌધરી, તાલુકા પંચાયત સદસ્ય કુલદીપસિંહ રાઠોડ, બચત મંડળી ચેરમેન રાજેન્દ્રસિંહ રાઠોડ, સરપંચ બાલુસિંહ પરમાર, ગ્રામ પંચાયતના સદસ્યો તેમજ સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહી તલાટીશ્રી ભાટીની આપેલી સેવાઓને બિરદાવી તેમને સન્માનપત્ર અર્પણ કરી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

# ધનસુરા ખાતે 'પોલીસ શહીદ દિન' નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

**ધનસુરા વિશ્વકર્મા મંદિર ખાતે કેમ્પ યોજાયો હતો જેમાં ૩૧ બોટલ રક્તદાન કરાયુ હતું**




ધનસુરા, તા.૨૧

ધનસુરા વિશ્વકર્મા મંદિર ખાતે 'પોલીસ શહીદ દિન'નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો આ કેમ્પ અરવલ્લી જિલ્લા પોલીસ ધનસુરા પોલીસ સ્ટેશન તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ધનસુરા તાલુકા શાખા ના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો જેમાં ધનસુરા પી.એસ.આઈ બી.એસ.ચૌહાણ અને ધનસુરા રેડક્રોસ સોસાયટી ના પ્રમુખ મનસુખભાઈ ભગત એ પણ રક્તદાન કર્યું હતું આ ઉપરાંત પોલીસ જવાનો, હોમગાર્ડ અને અન્ય નાગરિકોએ રક્તદાન કર્યું હતું આ કાર્યક્રમ માં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમદાવાદ થી ડોક્ટરોની ટીમ ઉપસ્થિત રહી હતી આ કાર્યક્રમ માં ધનસુરા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ના ઉપપ્રમુખ ગોવિંદભાઈ પટેલ , મંત્રી અને ખજાનચી તેમજ પેન્શનર મંડળ ના પ્રમુખ હસમુખભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા જેમાં ૩૧ બોટલ રક્તદાન કરાયુ હતું.

# મોડાસા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળનું અધિવેશન યોજાયુ



મોડાસા, તા. ૨૧

મોડાસા તાલુકામાં સરકારી નિવૃત્ત કર્મચારી મંડળનું વર્ષ-૨૦૨૧નું અધિવેશન મોડાસા બિલ્ડર્સ એસોસિએશનના પ્રમુખ અને લોકસેવક કમલેશભાઈ.એસ. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું આ અધિવેશનમાં કોરોના સંક્રમણના સંકટના પગલે સરકારી ગાઈડલાઈનનું ચુસ્તપણે અમલવારી કરવામાં આવી હતી જેમાં ૭૫ વર્ષથી વધુ આયુષ્ય ધરાવતા પેંશનરનું ચાંદીના સીક્કાની ભેટ આપી સન્માનીત કર્યા હતા અધિવેશનનું સફળ આયોજન માટે મંડળના પ્રમુખ શંકરભાઈ.જે.પટેલ, મહામંત્રી વિઠ્ઠલભાઈ, મંત્રી ડાહ્યાભાઈ પટેલ, સહમંત્રી કેશુભાઈ પ્રજાપતિ તથા કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી કાર્યકર્મની આભાર વિધિ દિનેશભાઈ શર્માએ કરી હતી.

# બનાસકાંઠામાં PCV વેક્સિનનો પ્રારંભમાં ૧૧૪૧ બાળકોને રસી અપાઈ

પાલનપુર, તા. ૨૧

બનાસકાંઠા જિલ્લામાં બુધવારથી જિલ્લાના ૧૪ તાલુકાઓમાં પીસીવી વેક્સિનની આપવાની તેમજ મગજના તાવ સામે સુરક્ષા પ્રદાન કરશે.જેમાં પાંચ વર્ષથી નાના બાળકોને આપવામાં આવશે. આ ઉદ્ઘાટન પ્રસંગે જીલ્લાના આરોગ્ય અધિકારીઓ



શરૂઆત કરવામાં આવી હતી.જેમાં પ્રથમ દિવસે ૧૧૪૧ બાળકોને રસી આપવામાં આવી હતી.

રાષ્ટ્રવ્યાપી PCV વેકસીનનું ઉદ્ઘાટન બુધવારે કરવામાં આવ્યું હતું જેમાં બનાસકાંઠા જિલ્લા કક્ષાનું ઉદઘાટન ડીડીઓ સ્વપ્રીલ ખરે એ આકેસણ રોડ પર આવેલા કુમાર છાત્રાલયમાં કર્યુ હતુ.આ પીસીવી વેક્સિન બાળકોને ન્યુમોનિયા હાજર રહ્યા હતા.આ અંગે ડો જીગ્નેશ હરીયાણીએ જણાવ્યુ હતુ કે. અમીરગઢ-૬૦,ભાભર-૧૧૯, દાંતા-૧૫૭, દાંતીવાડા-૪૮,ડીસા-૧૧૬,ધાનેરા -૮૭, દિયોદર -૫૩,કાંકરેજ -૧૧૨,લાખણી-૬૩,પાલનપુર-૧૧૧ સૂઈગામ-૧૯, થરાદ-૧૧૨, વડગામ-૧૧૨,વાવ-૧૧, PCV વેક્સિનનો પ્રથમ ડોઝ ૧૧૪૧ બાળકોને અપાયો હતો.

# અરવલ્લી જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં મોડાસાની ન્યૂ લીપ સ્કૂલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

**પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે" અરવલ્લી જિલ્લા પોલીસ વિભાગ તથા ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન : વર્ષ દરમિયાન શહીદ થયેલ પોલીસ કર્મીઓને ૨૧ ઓક્ટોબરના રોજ શ્રદ્ધાસુમન અર્પણ કરાયા**

મોડાસા તા.૨૧

સમગ્ર ગુજરાત રાજ્યમાં "પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે" દરેક જીલ્લાના વર્ષ દરમિયાન શહીદ થયેલ પોલીસ કર્મીઓને દર ૨૧ ઓક્ટોબરના રોજ શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવે છે. તેમજ તેમની યાદમાં બે મિનિટનું મૌન પાળવામાં આવે છે. જે અંતર્ગત ૨૧ ઓક્ટોબરના રોજ "પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે" અરવલ્લી મોડાસાની ન્યૂ લીપ સ્કૂલ ખાતે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં અરવલ્લી જિલ્લા પોલીસ વિભાગ દ્વારા તેમજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. આ કાર્યક્રમ નિમિત્તે જીલ્લા કલેકટરશ્રી ડૉ. નરેન્દ્રકુમાર મીનાએ પોલીસ કર્મચારીઓને શુભેચ્છાઓ આપતા જણાવ્યું હતું કે, માનવતાના ભાવે કરવામાં આવતા કાર્યમાં સમાજમાં અને નાગરિકોમાં જાગૃતતા આવે અને તેઓ પણ રક્ત દાન કરી કોઈકને નવું જીવન અર્પી શકે છે.



તેમજ તેમણે વધુમાં જણાવ્યું કે, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી નવીન બ્લડ બેંક નું ટૂંક સમયમાં નિર્માણ થશે તેવી બાંહેધરી આપી. પોલીસ કર્મચારીશ્રીઓને સૂચન કર્યું કે જનતા અને નાગરિકોની અપેક્ષા પર ખરા ઉતરવું જોઈએ તથા બને એટલા લોકોને મદદરૂપ થવું જોઈએ .અંતે તેમને કહ્યું અરવલ્લી જિલ્લાના વિકાસમાં આગામી સમય માં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાથે મળી જિલ્લાનું ઉત્તમ વિકાસ થાય તેવા કાર્યો કરીશું.

આ દિન નિમિત્તે પોલીસે વડાશ્રી સંજય ખરાતએ જણાવ્યું કે પોલીસના શહીદ દિન નિમિત્તે રક્તદાન કરી શ્રદ્ધાંજલિ આપવી એજ શહીદોને સાચી શ્રદ્ધાંજલિ છે. આ કાર્યક્રમ નિમિત્તે અમદાવાદ શાખાના ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના જનરલ સેક્રેટરી ડૉ. વિશ્વાસ અમીનએ રેડ ક્રોસ સોસાયટી વિશે ટૂંકમાં માહિતી આપી. જે લોકોએ તેમને સાથ સહકાર આપ્યો તેમનો આભાર માન્યો હતો. તેમજ 'સાંભળે અરવલ્લી' સાંભળવાની સમસ્યાનું સમાધાન આવે તે માટે એક નવી પહેલ શરૂ કરી છે તેની વિસ્તૃત માહિતી આપી અને કોઈ પણ સંજોગોમાં લોહીની જરૂરિયાત ઉભી થાય ત્યારે સમયસર રક્ત તેમના સુધી પોહચે તે માટેની સગવડ નાગરિકજનો સુધી પોહચે તેવી વાત લોકો સમક્ષ રજુ કરી હતી. વધુમાં શ્રી કનુભાઈ પટેલે પણ જણાવ્યું કે, અરવલ્લી જિલ્લાના પોલીસ કર્મચારીઓ જે રીતે જીવનું જોખમ મૂકી રાષ્ટ્રને પ્રથમ રાખી અને એમની કારકિર્દી પૂર્ણ કરે છે તેવું ઉત્તમ ઉદાહરણ આપી પોલીસ કર્મચારીઓની કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત જન્મથી પૂર્ણ બેહરાશ ધરાવતા હોય તેવા પાંચ બાળકો આગામી સમયમાં સાંભળી શકે તે માટે હીયર ડિવાઈસ એનાયત કરવામા આવ્યા હતા. તેમજ કોરોના કાળ દરમિયાન જે પોલીસ કર્મચારીશ્રીઓએ સમાજ તેમજ નાગરિકોની સેવા કરી અને ઉત્તમ કામગીરી કરી હોય એવા પોલીસ કર્મચારીઓને સન્માન પત્ર આપી તેમની કામગીરીને બિરદાવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ડૉ. જયેન્દ્ર પંડયા ધ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ માં શાહિદ થયેલા પોલીસ જવાનો ને યાદ કરી બે મિનિટ નું મૌન રખાયું હતું. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો. આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા પોલીસ વડાશ્રી સંજય ખરાત, શ્રી કનુભાઈ પટેલ , ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમદાવાદ શાખાના જનરલ સેક્રેટરીશ્રી ડૉ. વિશ્વાસ અમીન, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લા શાખાના ચેરમેનશ્રી ભરતભાઈ પરમાર તેમજ મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીશ્રીઓ તેમજ ઈન્ડિયન રેડ કોર્સ સોસાયટીના યુથ રેડ ક્રોસના યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં લોધા આશિયા પરીવાર દ્વારા શરદ પૂનમે રાસ-ગરબાની રમઝટ



ડીસા,તા. ૨૧

રઢીયાળી રાત એવી શરદ પૂર્ણિમાના રોજ જિલ્લાભરમાં રાસ ગરબાનું આયોજકો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડીસા શહેરમાં આવેલા વિવિધ વિસ્તારોમાં આયોજકો દ્વારા રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું .જે અંતર્ગત ડીસા શહેરમાં આવેલા રેલવે સ્ટેશન વિસ્તારના વિશ્વકર્મા સોસાયટીમાં લોધા અશિયા પરિવાર દ્વારા રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રેલવે સ્ટેશન વિસ્તારના તેમજ ડીસા શહેરના વિવિધ વિસ્તારના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. રાત્રે ડીજે સાઉન્ડ સિસ્ટમના તાલે મોડા સુધી ખેલૈયાઓએ મન મૂકીને રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે રમેશભાઈ લોધા અશિયા પરિવાર દ્વારા ખેલૈયાઓ ને લ્હાણી અને દૂધ પૌવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લાના બાળકોને ન્યુમોનિયા તથા મગજના તાવ જેવા જીવલેણ રોગથી રક્ષિત કરવા નવી રસી ન્યુમોકોકલ કોંજુગેટ (PCV)નું લોન્ચીંગ

**PCV વેક્સીન બાળકોમાં ન્યુમોનીયા જેવા ગંભીર રોગો સામેના સુરક્ષા કવચ પુરૂ પાડશે : જિલ્લા સમાહર્તા હિતેષ કોયા**

બાયડ તા.૨૧

સાબરકાંઠા જિલ્લામાં શહેરી આરોગ્ય કેંદ્ર હિંમતનગર ખાતે થી PCV રસીનો જિલ્લા સમાહર્તાશ્રી હિતેષ કોયાના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે જિલ્લાના ૫૧૧ ભુલકાઓને PCV રસી આપી બાળકો માટે ગંભીર ગણાતી અનેક બિમારીઓથી રક્ષિત કરાયા. સાબરકાંઠા જિલ્લાના શહેરી અને ગ્રામ વિસ્તારમાં મમતા દિવસે, સરકારી દવાખાનામાં અન્ય રસીની જેમ કોંજુગેટેડ ન્યુમોકોકલ વેક્સિન ઝ્રફ વિના મૂલ્યે મળી રહેશે. જિલ્લા સમાહર્તા શ્રી હિતેષ કોયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ભારત સરકારના નિયમિત રસીકરણ કાર્યક્રમમાં એક નવી વેક્સિન ન્યુમોકોકલ કોંજુગેટ PCVને સરકાર દ્વારા શામેલ કરવામાં આવી છે. બાળકોમાં ન્યુમોકોકસ બેક્ટેરિયા દ્વારા થનારી બીમારીઓ જેવી કે



ન્યુમોનિયા તથા મગજના તાવ સામે સુરક્ષા પ્રદાન કરવામાં આ રસી મદદરૂપ સાબીત થશે. ન્યુમોકોકલ બીમારીના કારણે બાળકોને હોસ્પિટલમાં દાખલ કરવા પડી શકે છે અને તેમનું મૃત્યુ પણ થઈ શકે છે તેમજ પરિવાર પર ભારે આર્થિક ભારણ આવી શકે છે. ન્યુમોનિયા ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના મૃત્યુનું એક મુખ્ય કારણ છે અને ન્યુમોકોકસ બેકટેરિયાએ ન્યુમોનિયાનું મુખ્ય કારણ છે. PCV વેકસીન ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમા ન્યુમોનિયાના મુખ્ય કારણ ન્યુમોકોકલ ન્યુમોનિયા સામે સુરક્ષા પ્રદાન કરવામાં અસરકારક માધ્યમ છે. ખાનગી ક્ષેત્રે ૨ થી ૨.૫ હજારમાં મળતી આ PCV રસી દેશભરમા નિયમિત રસીકરણ અંતર્ગત સરકાર દ્વારા વિનામુલ્યે આપવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. રાજેશ પટેલ, નગરપાલિકા પ્રમુખ શ્રીમતિ યતિનાબેન મોદી, આરોગ્ય વિભાગના ડોક્ટરો અને કર્મિઓ તેમજ લાભાર્થી બાળકો અને તેમના માતા-પિતા ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ દિવસે PCV રસીનો ડોઝ તાલુકાવાર સંખ્યા હિંમતનગર - ૯૫ , ઈડર-૭૭, વડાલી ૫૦, ખેડબ્રહ્મા ૭૦, પોશીના ૯૦, વિજયનગર ૪૦, તલોદ ૪૪, પ્રાંતિજ ૪૫ આમ કુલ ૫૧૧ બાલકોને રસી આપવામાં આવી હતી.

# જિલ્લામાં અગ્નિશમનના પૂરતા સાધન વગર ફટાકડાંનો વેપાર શરૂ

**બારુદના સ્ટોક - વેપારમાં બેદરકારી**

સરડોઈ તા.૨૧

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લા માં દિવાળી નજીક આવતાં ફટાકડાંનો સ્ટોક સાથે વેપાર શરૂ થયો છે પણ અગ્નનીશમન ના પૂરતાં સાધનો ક્યાંય દેખાતા ન હોવાથી આગજની નું જોખમ ઉભુ થયું છે.ભરચક બજારો અને રહેણાંક વિસ્તારમાં બારુદના વેપારમાં સામાન્ય ચિનગારી મોટી ખુવારી કરે તેવી દહેશત છે.

જિલ્લામાં દરવર્ષે દિવાળી સમયે ફટાકડાના વેચાણ માટે લાઈસન્સ ની પ્રક્રિયા શરૂ થતી હોય છે.જેમાં ને અરજદારોને ફટાકડાના વેચાણની મંજૂરી આપવામાં આવે તેમણે જરૂરી નિયમોનું પાલન કરવાનું હોય છે પણ ફટાકડાના વેચાણમાં છેલ્લે તો નિયમો નેવે મુકવામાં આવતા હોય છે.જિલ્લામાં દિવાળી સમયે ફટાકડાનું વેચાણ શરૂ થયું છે. મોટા વેપારીઓએ ગોડાઉન માં અગાઉથી ફટાકડા નો સ્ટોક ગોઠવી દીધો છે પરંતુ સલામતી કોરાણે મૂકી દેવાઈ છે.જિલ્લામાં કાયદેસર કરતાં ગેરકાયદે ફટાકડાં નો સ્ટોક ઉપરાંત હોલસેલમાં વેચાણ શરૂ થયું છે જેમાં અગ્નિ શમન ના પૂરતા સાધનો ન હોવાથી બારુદનો વેપાર ગમે ત્યારે ભડકો કરે તેવી દહેશત છે.જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વેપારીઓએ રહેણાંક વિસ્તારોમાં સતામતી ને ધ્યાનમાં રાખ્યા વગર લાખો રૂપિયાના ફટાકડાં ના ઢગ ખડકી દીધા છે.તંત્ર દ્વારા આ જોખમને ધ્યાનમાં નહી લેવાય તો શોટસર્કિટ કે અન્ય કારણથી ઉડેલી ચિનગારી મોટી દુર્ઘટના લાવી શકે છે.

## જન્મદિને વધામણી



ટીનુ ચૌધરી
મહેસાણા



મન પરેશભાઈ શાહ
વલ્લભનગર સોસાયટી
બાયડ



અનિલભાઈ ધનજીભાઈ પટેલ
અંબિકા હાર્ડવેર
બાયડ



ધ્રુવ ચૌધરી
બાયડ ગામ



પારસ ભટ્ટ
બાયડ



ચંદ્રિકાબેન જે.ભાટી
મંત્રી,અરવલ્લી જિલ્લા
બીજેપી મહિલા મોરચો



જીમી પટેલ
બાયડ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન